## <u>બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત</u>
## <u>'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન -2'નું આયોજન</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન**<u>-2</u>**'નું આયોજન તારીખ 02 સપ્ટેમ્બર, 2021ના રોજ કરવામાં આવ્યુ હતું. ભારત દેશની આઝાદીના 75મા વર્ષ નિમિત્તે સારા સ્વાસ્થ્યના સંકલ્પ સાથે આ દૌડનું આયોજન કરવામાં આવેલું. સાથોસાથ બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલયની સ્થાપનાનું પણ 75મુ વર્ષ ઉજવાઈ રહ્યું છે ત્યારે સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા આયોજિત આ દૌડમાં સંસ્થાના 75 જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન'નું ફ્લેગ-ઓફ આણંદ ટાઉન હોલ ખાતેથી યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે માનનીય કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યના સંદર્ભમાં સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારત વિષે પ્રેરણાત્મક સંબોધન કર્યું અને જણાવ્યુ હતું કે 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન**<u>-2 સંદેશ સમગ્ર દેશવાસીઓમાં કોવિડ મહામારી ના સમય માં તંદુરસ્તી પ્રત્યે જાગૃતતા આવશે તેવી આશા વ્યક્ત કરી હતી.</u>** કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને વિદ્યાશાખા અધ્યક્ષ ડૉ. વાય. એમ. શુક્લના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિખિલ જોશી દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિ સમિતિના અધ્યક્ષ ડૉ. ડી. જે. પરમાર અને સમગ્ર સમિતિના સભ્યોના સહયોગથી આ આખું આયોજન હાથ ધરવામાં આવેલું. આ અંગે ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર કેપ્ટન પી. એ ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને દૌડના આયોજન બાબત માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલું. આણંદ ખાતે 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન'માં ભાગ લીધા બાદ વિદ્યાર્થીઓએ સરદાર મેમોરિયલ, કરમસદની મુલાકાત પણ લીધી હતી અને ત્યાં ભારતનાં નવનિર્માણના ઘડવૈયા ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકાળની તેમજ તેમના દેશ પ્રત્યેના સમર્પણની જાણકારી પ્રાપ્ત કરી હતી. આ આયોજનમાં યુનિવર્સિટીના વિસ્તરણ નિયામકશ્રી ડૉ. એચ. બી. પટેલ, કુલસચિવ ડૉ. જી. આર. પટેલ અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી. એચ. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.












National Service


B. A. College of Agriculture
Agricultural



